# શ્રી લેવા પાટીદાર બોર્ડિંગ, ભચાઉ – કચ્છ

## -: નિયમાવલી (વર્ષ : ૨૦૨૫ – ૨૦૨૬) :-

### પિતા/વાલીએ આ નિયમો બરાબર વાંચવા અને પછી જ પ્રવેશફોર્મની વિગતો ભરવી.

**1. પ્રવેશ અંગે:-**

1. સંસ્થામાં ધો-6 થી 12 અને કોલેજ(B.A/B.COM.)માં દાખલ થવા ઇચ્છતા વિદ્યાર્થીના વાલીએ પ્રવેશફોર્મ સંસ્થાની ઓફિસેથી મેળવી લેવાનું રહેશે.
2. પ્રવેશફોર્મ વાલીએ જાતે જ ભરી પાસપોર્ટ સાઇઝનો ફોટો ચોટાડી મોડામાં મોડું 31 મી મે સુધી સંસ્થાની ઓફિસે મોકલી આપવાનું રહેશે.સમયમર્યાદા બહાર આવેલ ફોર્મ અંગે કોઇ પણ પ્રકારનો જવાબ આપવામાં આવશે નહીં. છતાં પણ યોગ્ય કારણ જણાય તો ફુલ લવાજમ દરે પ્રવેશ આપવામાં આવશે.
3. શાળા છોડવાનું પ્રમાણપત્ર તેમજ છેલ્લી વાર્ષિક પરીક્ષાનું પરિણામપત્રક શાળા ખુલવાના પ્રથમ અગર બીજા દિવસે રજૂ કરવાના રહેશે, યોગ્ય કારણો વગર તે રજૂ ન કરનારનો પ્રવેશ રદ્દકરવામાં આવશે.
4. પ્રવેશફોર્મ મંજૂર થવા અંગે આપશ્રીને જાણ કરવામાં આવશે. સાથોસાથ સંસ્થામાં વિદ્યાર્થીને દાખલ કરવા આવવાની તારીખ પણ આપવામાં આવશે. તો તે જ તારીખે જરૂરી ફી ની રકમ તેમજ વસ્તુઓ સાથે વિદ્યાર્થીના વાલીએ જાતેજ દાખલ કરવા આવવું પડશે. અનિવાર્ય કારણોસર પ્રથમ દિવસે વિદ્યાર્થીને દાખલ કરવા આવી શકાય તેમ ન હોય તો તે અંગેની લેખિતમાં જાણ સંસ્થાની ઓફિસમાં કરવાની રહેશે. કોઇ પણ કારણ જણાવ્યા વગર પ્રથમ દિવસે હાજર ન થનાર વિદ્યાર્થીનો પ્રવેશ રદ્દ કરવામાં આવશે.
5. વિદ્યાર્થીના લગ્ન કરી દીધેલ હશે તેવા વિદ્યાર્થીને સંસ્થામાં કોઇપણ ધોરણમાં કોઇપણ સંજોગોમાં પ્રવેશ આપવામાં આવશે નહીં અને સંસ્થામાં ચાલુ અભ્યાસે લગ્ન કરી શકાશે નહીં અને સંસ્થાના ચાલુ અભ્યાસે લગ્ન કરનાર વિદ્યાર્થી સંસ્થામાંથી આપોઆપ છૂટો થયેલ ગણવામાં આવશે.
6. વિદ્યાર્થીને કોઇ પણ સામાન્ય બિમારી હોય તો તેની જાણ કરવી ફરજીયાત છે,અસાધ્ય રોગથી પીડાતા વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવશે નહીં. મંજુર કરેલ પ્રવેશફોર્મ પાછળથી રદ્દ પણ કરી શકાશે.
7. તેમજ રજાઓમાં વિદ્યાર્થી ઘરે આવે ત્યારે બિમાર થાય અને તેની દવા કરો તો તેની પણ જાણ કરવી ફરજીયાત છે.
8. સંસ્થાનું પ્રવેશફોર્મ સંસ્થાની ઓફિશીયલ વેબસાઇટ www.slpb.orgપરથી ડાઉનલોડ કરી ફોર્મની વિગતો ભરી સંસ્થાની ઓફિસે પહોંચાડી શકાશે. આ સિવાય રાપર કન્યા છાત્રાલય ખાતેથી પણ ફોર્મ મળી શકશે.
9. પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીએ યુનિફોર્મનું બે-જોડી કાપડ સ્વ-ખર્ચે મેળવી યુનિફોર્મ સિવડાવી લેવા અને સંસ્થા ખુલવાના પ્રથમ દિવસે જ યુનિફોર્મ પહેરીને જ સંસ્થામાં આવવું.(યુનિફોર્મ કાપડ ભચાઉ બોર્ડિંગ અને રાપર છાત્રાલયથી મળશે.)

**2. લવાજમના દરો અને ફીની રકમ ભરવા અંગે:-**

1. લવાજમના માસિક દર આ મુજબના છે :- **750 અને 1000**.ધોરણ-10 બાદ અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીએ 1000 રૂ. નો લવાજમ દર ભરવાનો રહેશે.
2. લવાજમના દર સામાન્ય સભામાં નક્કી થઇ ગયા બાદ અધિકારીઓને જો પરિસ્થિતિ મુજબ લવાજમમાં સુધારો કરવાની જરૂર જણાશે તો તે મુજબ સુધારો કરી શકાશે, જે વિદ્યાર્થીના વાલીને બંધનકર્તા રહેશે.
3. જે વિદ્યાર્થીનું ફોર્મ મંજુર થાય તેવા વિદ્યાર્થીના વાલીએ રૂ. 100 પ્રવેશ ફી ભરવાની રહેશે. જે કોઇ પણ સંજોગોમાં પરત મળી શકશે નહીં.
4. મંજુર થયેલ લવાજમની રકમ દર 6 (છ) માસની એડવાન્સમાં ભરવાની રહેશે. અધવચ્ચે સંસ્થા છોડી જનાર વિદ્યાર્થીને કોઇ પણ સંજોગોમાં લવાજમ પરત મળી શકશે નહીં, સમયસર લવાજમ ન ભરનાર વિદ્યાર્થીને સંસ્થામાંથી છૂટો કરવામાં આવશે.
5. સંસ્થામાં આવતી રજાઓ અથવા પડતા વેકેશનો તેમજ કોઇ કારણોસર વિદ્યાર્થી રજા પર જાય તેવા દિવસોનું પણ લવાજમ વસૂલ કરવામાં આવશે. એટલે કે બાર માસનું પુરૂં લવાજમ વસુલ કરવામાં આવશે.
6. આકસ્મિક સંજોગોમાં અધવચ્ચે સંસ્થામાં જે વિદ્યાર્થીને પ્રવેશ મંજુર આપવામાં આવશે તે વિદ્યાર્થીને 12 (બાર) માસનું લવાજમ ભરવાનું રહેશે.
7. વિદ્યાર્થીના પરચુરણ ખર્ચ માટે અંગત ખાતામાં ઓછામાં ઓછા રૂ. 2000/- શરૂઆતમાં જમા કરાવવાના રહેશે. જે વિદ્યાર્થીને જરૂરિયાત મુજબ આપવામાં આવશે. તેમજ પ્રાથમિક સારવાર બાદ કરતાં વધુ માંદગીનું ખર્ચ તેમાંથી લેવામાં આવશે.
8. સરકારશ્રીના નિયમ મુજબ શાળામાં લેવાતી ફી વિદ્યાર્થીએ ભરવાની રહેશે.

9. સંસ્થામાંથી છૂટા થનાર વિદ્યાર્થીનું કોઇ પણ જાતનું લેણું બાકી હશે તો તે ભર્યા સિવાય શાળા છોડ્યાનું પ્રમાણપત્ર શાળામાંથી કાઢી આપવામાં આવશે નહીં.અશિસ્ત આચરનાર વિદ્યાર્થીને સંસ્થા જો છૂટો કરશે તો તેવા વિદ્યાર્થીઓને લવાજમની રકમ પરત મળશે નહીં.

## 3. <u>રજા અંગેના નિયમો:-</u>

1. વિદ્યાર્થી નીચેના પ્રસંગોએ જ પોતાના ઘેર જઇ શકશે. તે પણ જવાબદાર વાલી લેવા આવે તો જ રજા આપવામાં આવશે. તે સિવાય રજા આપવામાં નહીં આવે.
    1. શાળા/સંસ્થામાં વેકેશનની સામુહિક રજાઓ.
    2. વિદ્યાર્થીને વિશેષ માંદગી થઇ હોય.
    3. નિકટના સંબંધી ભયંકર માંદગીમાં હોય.
    4. વાલી ભંયકર રોગથી પીડાતા હોય.
    5. વિદ્યાર્થી સાથે લોહીના સંબંધ ધરાવતી વ્યક્તિનાં લગ્ન હોય.
    6. વિદ્યાર્થી સાથે લોહીના સંબંધ ધરાવતી વ્યક્તિનું અવસાન થયેલ હોય.
    - તે સિવાય પ્રેત ભોજન, આણા પરિયાણા કે અન્ય પ્રસંગોમાં કોઇ પણ વિદ્યાર્થીને રજા આપવામાં આવશે નહીં.
2. વિદ્યાર્થીના વાલીએ વિદ્યાર્થીને ઘેર આવવાની રજા લેવાની હોય તો વાલીએ રૂબરૂ આવી લેખિતમાં રજાચિઠ્ઠી આપવાની રહેશે.
3. ઉનાળુ/દિવાળી વેકેશન દરમ્યાન કોઇ પણ વિદ્યાર્થી સંસ્થામાં રહી શકશે નહીં. સંસ્થા પોતાની જરૂરીયાત વાળા વિદ્યાર્થીઓને રોકી શકશે.
4. વેકેશનની સામુહિક રજાઓ કે રજા લઇને ગયેલ વિદ્યાર્થીને સંસ્થામાં સમયસર હાજર થવાનું રહેશે. યોગ્ય કારણો વગર સમયસર હાજર ન થનારને પ્રતિદિન રૂ.૧૦૦ પેનલ્ટી લાગશે જેની ગૌશાળાની પહોંચ આપવામાં આવશે.
5. સંસ્થાને જરૂર જણાય તો શાળામાં આવતી રજાઓને ધ્યાનમાં લઇ ઘેર જવાની સામૂહિક રજા આપવામાં આવશે,પરંતુ નિયત કરેલ ગૃહકાર્ય સાથે તેમજ નિયત કરેલ સમયે વિદ્યાર્થીને અવશ્ય હાજર થઇ જવાનું રહેશે.

## 4. <u>વિદ્યાર્થીને સંસ્થામાં મળવા અંગેના નિયમો:-</u>

1. બંને સત્રોની શરૂઆત થયા બાદ દર <u>બે</u> <u>માસના છેલ્લા રવિવારે</u> જ વાલી પોતાના બાળકને મળવા આવી શકશે.
2. વિદ્યાર્થીના ભાઇ-બહેન માતા-પિતા હયાત ન હોય અગર કચ્છ બહાર વસતા હોય તેવા વિદ્યાર્થીઓને તેના મુખ્ય જવાબદાર વાલી જ મળવા આવી શકશે. આવા જવાબદાર મળવા આવનાર વાલીનું નામ સત્રની શરૂઆતમાં આપવાનું રહેશે.
3. કોઇ પણ સંજોગોમાં વાલી ગૃહપતિશ્રીની રજા વગર વિદ્યાર્થીને સંસ્થામાં મળી શકશે નહીં.
4. સંસ્થાની ચાલુ નિત્યક્રમ કે અભ્યાસના સમયે વિદ્યાર્થીને મળી શકશે નહીં. ચાલુ શાળાએ વિદ્યાર્થીને કોઇ પણ સંજોગોમાં મળી શકશે નહીં. જરૂર કારણ જણાય તો ગૃહપતિશ્રી તે અંગે મંજુરી આપી શકશે.
5. વિદ્યાર્થીને મળવા આવનાર વાલીએ પોતાનું પુરૂનામ, સરનામું, સંસ્થામાં રાખવામાં આવેલ રજીસ્ટરમાં પ્રથમ નોંધવવાનું રહેશે. ત્યારબાદ ગૃહપતિશ્રીની રજા મળ્યેથી વિદ્યાર્થીને મળી શકશે.
6. વાલીએ વિદ્યાર્થીને વાપરવાના પૈસા આપવા નહીં તથા વિદ્યાર્થીએ પણ પોતાની પાસે રાખવા નહીં. ફક્ત ગૃહપતિશ્રી પાસે જ તેના ખાતામાં જમા કરાવી દેવાના રહેશે.
7. વિદ્યાર્થી સંસ્થામાં રોકડ રૂપિયા, કોઇ પણ કિંમતી ઘરેણાં, ઘડિયાળ વગેરે પહેરી શકશે નહીં. આ વસ્તુઓ કે રૂપિયા ગુમ થશે તો તેની જવાબદારી સંસ્થાની રહેશે નહીં.

## 5. <u>અન્ય જરૂરી નિયમો:-</u>

1. સંસ્થામાંથી વિદ્યાર્થી રજા લીધા સિવાય ભાગી જશે તો તે અંગેની કોઇ પણ પ્રકારની જવાબદારી સંસ્થાની રહેશે નહીં. સંસ્થામાંથી ભાગી જનાર વિદ્યાર્થી ઘેર પહોંચી આવે એટલે વાલીએ તાત્કાલીક તે જ દિવસે મુદામ માણસ મોકલી સંસ્થાને તેની લેખિત જાણ કરવાની રહેશે. ભાગી જનાર વિદ્યાર્થીને કોઇ પણ આકસ્મિક કે કુદરતી કે અન્ય પ્રકારે નુકસાન થશે તો તેની જવાબદારી સંસ્થાની રહેશે નહીં. સંસ્થામાં વિદ્યાર્થી દાખલ કર્યા બાદ કોઇ પણ બિમારી કે આકસ્મિક/કુદરતી અકસ્માતના કારણે મૃત્યુ થશે તો તેવા સમયે સંસ્થા કોઇ પણ પ્રકારે જવાબદાર રહેશે નહીં.
2. રજા લીધા સિવાય ભાગી જનાર અને અભ્યાસ ન કરવા ઇચ્છતા વિદ્યાર્થીના વાલીએ સંસ્થાએ આપેલ વસ્તુઓ દિન-10 (દશ)માં જમા કરાવી જવાની રહેશે. અન્યથા તેની રકમ વસુલ કરવામાં આવશે અને જે વાલી આપવા માટે બંધનકર્તા રહેશે. વિદ્યાર્થીના ઘરનો સામાન સંસ્થા દિન-7 (સાત) સુધી સાચવશે. ત્યાર બાદ તેનો નિકાલ કોઇ પણ પ્રકારની જાણ વગર સંસ્થા પોતાની રીતે કરશે.
3. સંસ્થામાં એક વખત પ્રવેશ લીધા બાદ સંસ્થા છોડી જનારને પુન:પ્રવેશ કોઇ પણ સંજોગોમાં આપવામાં આવશે નહીં.
4. વિદ્યાર્થીને સમયાનુસાર નોટબુક, ગાદલું, તકીયો, તેલ, સાબુ જેવી વસ્તુઓ સંસ્થા પુરી પાડશે. જેની વિદ્યાર્થીએ પુરી જાળવણી કરી પરત આપવાની રહેશે. અન્યથા ગુમ કરવામાં આવેલ વસ્તુઓની રકમ વસુલ કરવામાં આવશે. સંસ્થા ઉપરોક્ત વસ્તુઓ આપવાનું બંધ પણ કરી શકશે.

5. <u>વિદ્યાર્થીએ દાખલ થતી વખતે સ્વખર્ચે નીચેની વસ્તુઓ સાથે લાવવાની રહેશે.</u>
   1. જે-તે ધોરણના પાઠ્યપુસ્તકો(ધો.૯થી ૧૨ના પાઠ્યપુસ્તકો શાળામાંથી મળશે.) તથા જોઇતા અન્ય પુસ્તકો, શૈક્ષણિક સાધન સામગ્રી (કંપાસ, રંગપેટી, પેન, પેન્સિલ, ચિત્રકલા માટે કલર- ડીસ, - પીંછી -૧ વગેરે), કબાટ માટે તાળુ -૧, પાણીની બોટલ – ૧
   2. આધારકાર્ડ ઝેરોક્ષ -૨, પાસપોર્ટ ફોટા -૪. વિદ્યાર્થીના બેંક ખાતાની પાસબુક ઝેરોક્ષ(બેંકખાતું આધારકાર્ડ લીંક હોવું જોઈએ).
   3. ગાદલાનું કવર(માપ 6X2.5), તકીયાનું કવર(માપ 1X1.5)
   4. નાસ્તામાં મમરા,સિંગ-દારિયા, બિસ્કીટ અને ફ્રુટ જ લાવવા.,
   5. ઓઢવા માટે ઋતુ અનુસાર ચાદર / સાલ / ગોદડું
   6. ન્હાવાનો ટુવાલ – 1, ચડી(જાંગીયા) નંગ – 2, ચંપલ જોડી – 1, હાથરૂમાલ – 3
   7. ચાલુ પહેરવાના કપડાં જોડી-3, કસરત માટે નેવી બ્લ્યું કલરની ચડ્ડી–1 તથા સફેદ ગંજી નંગ – 2
   8. ટુથપેસ્ટ, બ્રશ, જીભી, ડોલ, કપડા ધોવાનું બ્રસ, ન્હાવાના સાબુ, શેમ્પુ, સાબુદાની

6. <u>વિદ્યાર્થીને બરતરફ કરવા અંગેના નિયમો:-</u>
   1. દાખલ થયેલ વિદ્યાર્થી અથવા તેના વાલી નિયત કરેલ નિયમોને ઇરાદાપૂર્વક ભંગ કરશે તેવા વિદ્યાર્થીને કોઇ કારણ આપ્યા સિવાય સંસ્થામાંથી છૂટો કરવામાં આવશે.
   2. કોઇ વિદ્યાર્થીની વર્તણૂંક સંસ્થાના હિતોને નુકસાન કરનાર લાગશે તો અગર તો તેની બીજા વિદ્યાર્થીઓ ઉપર ખરાબ અસર પડતી જણાશે તો તેવા વિદ્યાર્થીને સંસ્થામાંથી છૂટો કરી શકાશે.
   3. જો કોઇ વિદ્યાર્થી સંસ્થાની કોઇ મિલ્કતને નુકસાન કરશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી તે વિદ્યાર્થી તેમજ તેના વાલીની રહેશે અને સંસ્થાના અધિકારીશ્રીઓ જે નુકસાનીનું વળતર માંગશે તે આપવાનું રહેશે. તેવા વિદ્યાર્થીને સંસ્થામાંથી તે જ ક્ષણે છૂટો કરવામાં આવશે.
   4. વિદ્યાર્થી જો કોઇ પણ પ્રકારનું વ્યસન કરતો માલુમ પડશે તો તેને સુધરવાની તક આપવામાં આપશે છતાં પણ જો તે સુધરશે નહીં તો તેને સંસ્થામાંથી બરતરફ કરવામાં આવશે. બીજા વર્ષે સંસ્થામાં દાખલ કરવામાં આવશે નહીં.
   5. વિદ્યાર્થીએ ગૃહપતિની આજ્ઞાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આંતરિક નિયમોનું પાલન કરવાનું રહેશે, નિયમોનો ભંગ કરનાર વિદ્યાર્થી ઉપર અધિકારીશ્રીઓ જે નિર્ણય લેશે તે વિદ્યાર્થી અને તેના વાલીને બંધનકર્તા રહેશે. જરૂર જણાય તેને સંસ્થામાંથી કોઇ પણ કારણો આપ્યા વિના છૂટો કરી શકાશે.
   6. વિદ્યાર્થી ગૃહપતિની રજા સિવાય જાણ-બહાર સ્વેચ્છાએ હોસ્ટેલ પરિસરની બહાર કે ગામમાં ભાગીને જતાં પકડાશે તો એકવાર માફીપત્ર લખાવી માફ કરવામાં આવશે પરંતુ બીજીવાર માફીપત્ર સાથે ૨૦૦૦ રૂ. દંડ લાગશે. જેની ગૌશાળાની પહોંચ આપવામાં આવશે.
   7. રેડિયો, મોબાઇલ, વોકમેન, ગેઇમ કે અન્ય ઇલેક્ટ્રોનિક સાધનો, ગુટખા, સિગારેટ, નશીલા પદાર્થો, શારીરિક મસ્તી, ઘાતક ચીજવસ્તુ રાખનાર, - આવા ગુનાહો કરનાર વિદ્યાર્થીઓના વાલીને સંસ્થામાં રૂબરૂ બોલાવી વિદ્યાર્થી પાસેથી જપ્ત કરેલ વસ્તુ વાલીને પરત કરવામાં આવશે અને <u>એકવાર માફીપત્ર લખાવી માફ કરવામાં આવશે બીજીવાર વિદ્યાર્થીને સંસ્થામાંથી બરતરફ કરવામાં આવશે. - જો મોબાઈલ પકડાશે તો માફીપત્ર સાથે રૂ.૨૫૦૦ નો દંડ ભરવાનો રહેશે.જેની ગૌશાળાની પહોંચ આપવામાં આવશે.</u>

7. <u>સંસ્થામાં લાભ લેતા છાત્રોએ પાળવાના આંતરિક નિયમો:-</u>
   1. સવારથી કરીને રાત્રે સુવાના સમય સુધી નિયત કરવામાં આવેલ દિનચર્યાનું છાત્રોએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
   2. પ્રાત:કાર્યો અને અન્ય વર્ગો કે પ્રવૃતિમાં હાજરી આપવાના સમય સિવાયના સર્વે સમયમાં છાત્રોએ સંસ્થાના કમ્પાઉન્ડમાં રહેવું, બહાર જવું હોય તો ગૃહપતિશ્રીની રજા મેળવ્યા પછી બહાર જવું.
   3. છાત્રાલયનું વાતારણ શાંત, સ્વચ્છ રહે તેમ દરેક છાત્રોએ વર્તવું. મોટેથી વાંચીને કે બીજી રીતે અવાજ કરીને અન્ય છાત્રોને અડચણ કે હરકત ન થાય તેમ વર્તવાનું રહેશે.
   4. રાત્રે 10:20 કલાકે દરેક રૂમની બત્તી બંધ કરવામાં આવશે. 10:20 વાગ્યા પછી અભ્યાસ કરનાર છાત્રોએ નિયત કરેલી જગ્યાએ વાંચન કરવું.

5. દરેક રૂમ માટે મુખ્ય મદદનિશ વિદ્યાર્થીની નિમણૂંક કરવામાં આવશે. છાત્રોએ તેમની સૂચના અને આદેશ અનુસાર વર્તન કરવાનું રહેશે.દરેક છાત્રોએ પોતાની જગ્યા તેમજ પોતાને મળેલ કબાટ સ્વચ્છ રાખવું પડશે, તેમજ દરરોજ એક વખત ફરજીયાત ન્હાવું પડશે અને કપડાં સ્વચ્છ રાખવા પડશે.
6. વિદ્યાર્થીઓ સવાર-સાંજ નિયત સમયે ભોજનાલયમાં ભોજન લેશે. કોઇ કારણસર ભોજન ન લેવું હોય તો અગાઉથી ગૃહપતિને જાણ કરવી પડશે.ભોજન લેતી વખતે છાત્રો અંદરો-અંદર વાતો કરી શકશે નહીં.
7. છાત્રો સ્વાશ્રયી બને તે હેતુને નજરમાં રાખી કેટલાંક સ્વકાર્યો છાત્રોએ પોતાને કરવાનાં રહેશે.જેવા કે, કપડાં ધોવા, વાસણ સાફ કરવા, વૃક્ષોને પાણી પાવું, શ્રમકાર્ય, ખેતીને લગતું કામ, શાકભાજી સુધારવા,સ્નાનઘાટની સફાઇ, પીરસવાનું વિગેરે કાર્યો છાત્રોએ વારા પ્રમાણે કરવાના રહેશે.
8. સંસ્થાના ઉદેશો વિદ્યાર્થીઓ સ્વાશ્રયી, શક્તિશાળી અને સ્વાવલંબી બનાવવાના છે. તેથી વ્યાયામ, અંગ કસરત, સંગીત, મનોરંજન, સંસ્કાર કાર્ય તથા બીજી પ્રવૃત્તિઓ નક્કી કરવામાં આવે તે પ્રમાણે છાત્રોએ ફરજીયાત કરવી પડશે.
9. છાત્રાલયનું કામ કરવું તે દરેક છાત્રની ફરજ છે. તે પ્રમાણે ગૃહપતિ અગર મંત્રીશ્રીએ તેમજ વિભાગનાં વડાએ આપેલ સુચનાઓ અને આદેશ મુજબનું કામ અવશ્ય કરવાનું રહેશે.
10. કોઇ પણ છાત્રે તેની મુલાકાતે આવનાર વાલીએ મળવા માટે ગૃહપતિની રજા મેળવવી પડશે અને રજા મેળવ્યા પછી નિયત કરેલી જગ્યાએ મળી શકશે.
11. સાંજે સાડા પાંચ વાગ્યા પહેલા છાત્રોએ પોતાના ધોયેલા કપડાં ઘડી કરીને પોતાનાં કબ્બાટમાં રાખવા. આ નિયમનો અનાદર કરનારનાં કપડાં જપ્ત કરવામાં આવશે.
12. છાત્રાલયમાં વિવિધ વિભાગો કે ખાતાઓનું કાર્ય ગૃહપતિ તેમને યોગ્ય લાગે તેવા છાત્રોને આદેશ આપશે અને જે છાત્રને જે ખાતા કે વિભાગનું કાર્ય કરવાનો આદેશ આપવામાં આવે તે ખાતા કે વિભાગનું કાર્ય કાળજીપૂર્વક કરવાનું રહેશે.
13. જે છાત્ર સંસ્થાના નિયમો, સુચનાઓ કે આદેશોનો ભંગ કરશે તેમજ નિયમો વિરૂધ્ધ વર્તન કરશે તો તે ખાતાનાં કે વિભાગનાં વડા તેની જાણ ગૃહપતિશ્રીને કરશે ગૃહપતિશ્રી તેને યોગ્ય શિક્ષા કરી શકશે.
14. કોઇ પણ છાત્ર તેને આપવામાં આવેલ આદેશ કે સુચનાનું પાલન અને અમલ આદેશ કે સુચનાઓ પડકાર કે પ્રતિકાર કર્યો વિના કરશે.
15. છાત્રાલયમાં સ્ટાફનાં કર્મચારીઓ સાથે કોઇ પણ બાબત સબંધી સીધેસીધા વાદ વિવાદ કે તકરાર કરી શકશે નહીં. છાત્રને કોઇ પણ બાબત વિષે ફરીયાદ કરવાની હોય તો તે ગૃહપતિશ્રીને કરી શકશે અથવા મંત્રીશ્રીને ફરીયાદ કરવી હશે તો તે ગૃહપતિશ્રી દ્વારા કરી શકશે.
16. સંસ્થાના ચાલુ નિયમો તથા ભવિષ્યમાં જે નિયમો સંસ્થાના હિતમાં બનાવવામાં આવે,તે નિયમો દરેકને બંધનકર્તા રહેશે.હાઇસ્કૂલ અથવા સંસ્થાના મકાનમાં દરેક છાત્રએ શિસ્ત અને સંપથી રહેવું.
17. કોઇ પણ છાત્રએ દાગીના કે રોકડ રકમ પોતાની પાસે રાખવી નહીં કે બજાર, બહારની કોઇ પણ વસ્તુ ખાવી નહીં.પોતાને જોઇતી વસ્તુઓ છાત્રોને વસ્તુભંડારમાંથી લાવી આપવામાં આવશે.
18. કોઇ પણ છાત્ર રજા વગર રસોડામાં જઇ શકશે નહીં. રસોડા સમિતિનાં સભ્યો તેના વડાની સુચના મુજબ રસોડામાં જઇ શકશે. કોઇ પણ છાત્ર રજા વગર ખેતીવાડી વિભાગમાં જઇ શકશે નહીં.

ઉપરોક્ત તમામ નિયમો 1 થી 7 (પેટા નિયમો સાથેના) તથા આંતરિક નિયમો મેં અને મારા પુત્ર/પાલ્યએ વાંચેલ છે અને તે તમામ નિયમોનું પાલન કરવા અમો આથી બાંહેધરી આપીએ છીએ અને મારા પુત્ર/પાલ્યને કોઇ પણ આકસ્મિક/કુદરતી કે અન્ય પ્રકારે કોઇ પણ તકલીફ સંસ્થામાં કે સંસ્થા બહાર થશે તો તેની સંપૂર્ણ જવાબદારી અમારી રહેશે. સંસ્થા કે તેના અધિકારીશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ કે કર્મચારી કોઇ પણ પ્રકારે બંધનકર્તા રહેશે નહીં.

વિદ્યાર્થીની સહી

વાલીની સહી

“શિક્ષણ એ મનુષ્ય જીવનનો આધારસ્થંભ છે.”

# શ્રી લેવા પાટીદાર બોર્ડિંગ, ભચાઉ – કચ્છ



પો. બો. નં. – 10, પિન કોડ નં. 370140, ફોન નં. 81606 94699

Website: www.slpb.org, E-mail: slpbbhachau@gmail.com

**ખાસ નોંધ:-** 31 મે પહેલા ફોર્મ ભરીને સંસ્થામાં જમા કરાવવાનું રહેશે.

પ્રવેશ મેળવતાં દરેક વિદ્યાર્થીના વાલીએ જનરલ મિટીંગમાં ફરજીયાત આવવાનું રહેશે.

વિદ્યાર્થીનો તાજેતરનો ફોટો અહીં ગુંદરથી ચોટાડવો.

## પ્રવેશપત્ર

(વર્ષ : ૨૦૨૫ – ૨૦૨૬)

**1. વિદ્યાર્થીની સામાન્ય માહિતી:-**

| અટક | વિદ્યાર્થીનું નામ | પિતા/વાલીનું નામ | દાદાનું નામ | માતાનું નામ |
|---|---|---|---|---|
| | | | | |

જન્મ તારીખ:-

| તારીખ | માસ | વર્ષ |
|---|---|---|
| | | |

સરનામું:-

| ઠેકાણું | ગામ | તાલુકો | જીલ્લો | પિન નંબર |
|---|---|---|---|---|
| | | | | |

મોબાઇલ નંબર:-

| 1 | | | | | | | | | | | 2 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|

આધારકાર્ડ નંબર:-

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|

કયા ધોરણની પરીક્ષા આપી? ☐ કયા ધોરણમાં દાખલ થવાનું છે? ☐

**વિદ્યાર્થીને કાયમી બિમારી / ખોડ-ખાંપણ હોય તો જણાવવી**

.......................................................................................................................................

**2. માસિક લવાજમનો દર:-**બે માંથી એક લવાજમ દર પર (√) નિશાન કરવું.

| 750 | 1000 |
|---|---|

➢ ખાસ કારણોસર લવાજમનો દર ☐

**3. ખાસ સૂચનો:-**

1. ધોરણ – 10 બાદ અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીએ 1000/- રૂ.નો લવાજમ દર ભરવાનો રહેશે.
2. શાળા ગણવેશ(યુનિફોર્મ) જોડી-2 નું કાપડ સ્વખર્ચે મેળવી યુનિફોર્મ સિવડાવી લેવા અને સંસ્થા ખુલવાના પ્રથમ દિવસે જ યુનિફોર્મ પહેરીને જ સંસ્થામાં આવવું.(યુનિફોર્મ કાપડ ભચાઉ બોર્ડિંગ અને રાપર છાત્રાલયથી મળશે.).
3. આધારકાર્ડ ઝેરોક્ષ -૨, પાસપોર્ટ ફોટા -૪. વિદ્યાર્થીના બેંક ખાતાની પાસબુક ઝેરોક્ષ(બેંકખાતું આધારકાર્ડ લીંક હોવું જોઈએ).

આ સાથે આપેલા નિયમાવલીના નિયમો 1 થી 7 (પેટા નિયમો સાથેના) તથા આંતરિક નિયમો મેં તથા મારા સુપુત્રે વાંચ્યા છે અને તે નિયમોનું પાલન કરવા અમો બંધાઇએ છીએ.

વાલીની સહી વિદ્યાર્થીની સહી

ઉપરની વિગતો તથા લવાજમનો જે દર ભરેલ છે તે મારી જાણ મુજબ બરાબર છે, તેની હું વર્તમાન ટ્રસ્ટીશ્રી/અધિકારીશ્રી તરીકે ખાત્રી આપું છું.

ફોર્મ તપાસ કરનારની સહી

| ક્રમ | વર્તમાન ટ્રસ્ટીશ્રી/અધિકારીશ્રીનુંનામ | સહી | વર્તમાન ટ્રસ્ટીશ્રી/અધિકારીશ્રીના મોબાઇલ નંબર |
|---|---|---|---|
| 1 | | | |
| 2 | | | |